જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૯/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૯૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૧	૨	૧૧૬૭૩	૧૭૭૮૨	૨	૧૭૭૮૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૦૬૯	૮૨	૭૧૧૫૧	૭૨૦૫૭	૮૮	૭૨૧૪૫
કુલ		૮૭૫૮૧	૮૪	૮૭૬૫૫	૯૬૪૯૫	૯૦	૯૬૫૮૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૧	૪,૨૨,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૫૭	૧૦,૫૭,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ હાલમાં ચાલી રહેલ ગણેશ મહોત્સવ ના પવિત્ર તહેવારને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના તથા બીજા સ્ટાફના માણસો તા.૧૭/૦૯/૨૦૨૧ ના ક.૧૩/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમા હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૪/૧૦ વાગે સૈજપુર ટાવર પાસે આવતા સાથેના અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે " સૈજપુર બોઘા ચેહરનગર રેલ્વે ફાટક ની બાજુમાં હિતેશનગર મ.નં-૭૨૫/૪ ના મકાન માલિક શૈલેન્દ્રસિંહ ઉર્ફે પિન્ટુ ગુલાબસિંહ રાઠોડ નાઓ મકાન ની અંદર કેટલાક ઇસમોને ભેગા કરી જુગાર રમી રમાડે છે અને હાલમાં સદરી જગ્યાએ જુગાર નો અખાડો ચાલુ છે " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી બાતમી હકિકત વાળી જગ્યા ચેહરનગર રેલ્વે ફાટક ની બાજુમાં હિતેશનગર મ.નં-૭૨૫/૪ ખાતે ના રહેણાંક મકાન માં રેઇડ કરી જુગાર રમતા તેર (આરોપીઓ)ને જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૭,૬૩૦/-તથા દાવના નાંણા રૂ.૨,૬૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાણા ૨૧,૨૩૦/-તથા ગંજીપાના નંગ ૫૨-કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૧૧ કિ.રૂ.૪૧,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ,૬૨,૨૩૦/-ના મુદ્દામાલ સાથે ક.૧૬/૩૦ વાગે જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડી પાડી જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૭/૦૯/૨૦૨૧

મુદ્દામાલ:-

જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૭,૬૩૦/- તથા દાવના નાંણા રૂ.૨,૬૦૦/- તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/- મળી કુલ્લે રોકડ નાણા ૨૧,૨૩૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૧૧ કિ.રૂ.૪૧,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ,૬૨,૨૩૦/-ના મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮

આરોપીઓના નામ :-

નં-(૧) શૈલેન્દ્રસિંહ ઉર્ફે પિન્ટુ સ/ઓ ગુલાબસિંહ જાતે રાઠોડ ઉ.વ.૪૪ ધંધો-વેપાર રહે-મ.નં-૭૨૫/૪, હિતેશનગર ચેહરનગર સૈજપુર કૃષ્ણનગર અમદાવાદ શહેર +૧૨=૧૩



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૯૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૮૯ લીટર દેશી દારૂ, ૨૯૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ, ૦૩ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૯૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૬૯૬/૨૦૨૧**

દાણીલીમડાઃ રીયાઝખાન ગુલાબખાન પઠાણ (રહે.અપનાનગર અલ્લાનગર દાણીલીમડા) એ તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૧૬/૦૯/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના બાથરૂમની બારીના કાચ ખોલી, બાથરૂમનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૯,૫૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.વી.તડવી ચલાવે છે.

વેજલપુરઃ સલમાન અબ્દુલકરીમ શેખ (રહે.આઝાદપાર્ક સોસાયટી ગેટ નંબર-૧ જુહાપુરા) એ તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૯/૨૦૨૧ સાંજના ૬/૩૦ થી તા.૧૫/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૭૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૭,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૬૯૭/૨૦૨૧**

કૃષ્ણનગરઃ અલ્પેશભાઈ જયંતીભાઈ મુંજાણી (ઉ.વ.૩૬) (રહે.બાળકૃષ્ણનગર, મામા કલ્યાણ મંદિર પાસે, સૈજપુર બોઘા, કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અતુલકુમાર મુળજીભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ હાર્દિકભાઇ પુનમચંદ સોલંકી (ઉ.વ.૨૬)(રહે.વિકાસનગર અંબીકા હોલ પાસે જનતાનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૧ બપોરના ૩/૧૫ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવિરસિંહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

નારોલઃ રામેશ્વરલાલ ચંદગીરામ પ્રજાપતિ (ઉ.વ.૪૨) (રહે. લક્ષ્મીનિવાસ સોસાયટી નારોલ) એ તા.૧૬/૦૯/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં છતના હુકમાં નાયલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.